# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા
# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ,
મુન્દ્રા રોડ – (ભુજ કચ્છ)
Email-coe@kskvku.ac.in

ફોન નં.: ૨૩૫ ૦૦૩
ફેક્ષ નં. : ૨૩૫૦૦૯
web: kskvkachchhuniversity.org


**પરિપત્ર નંબર– ૧૧૮**

તા.૨૮/૧૦/૨૦૨૧

**વિષયઃ– નવેમ્બર–ડિસેમ્બર ૨૦૨૧માં લેવાનારી જુદી–જુદી પરીક્ષાઓના આવેદનપત્રો તથા પરીક્ષા ફી અંગે.**

આથી કચ્છ યુનિવર્સિટી સાથે સંલગ્ન તમામ વિદ્યાશાખા હેઠળની કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટી દ્વારા લેવાનારી આગામી પરીક્ષાઓ માટેના પરીક્ષાનાં ફોર્મ ભરી પરીક્ષાર્થીઓ દ્વારાયોગ્ય રીતે પૂર્ણ કરાવી જે–તે કોલેજના આચાર્યશ્રીઓએ પ્રમાણિત કરી, વિદ્યાર્થીઓની સંખ્યા અનુસાર **કુલ સચિવ,કચ્છ યુનિવર્સિટીના નામનો ચેક (Atpar)** મોકલી આપવા વિનંતી.
વધુમાં જણાવવાનું કે અનિવાર્ય સંજોગોમાં કોઈ વિદ્યાર્થી પરીક્ષા ફી ભરવામાં મોડો પડે તો નીચે દર્શાવ્યા અનુસાર નિયત તારીખો સુધી પેનલ્ટી ફી સાથે આવેદનપત્રો સ્વિકારવામાં આવશે.
આચાર્યશ્રીઓએ નિયત કરેલ તારીખો મુજબ ફોર્મ(**પસાર કરેલ નીચલી પરીક્ષાની તમામ પ્રયાસોની માર્કશીટની ઝેરોક્ષ નકલ સાથે)** મોકલી આપવાનાં રહેશે.

## અગત્યની સુચનાઓ

(૧) ડીજીટલ પ્રોજેકટમાં સમાવેલા વિદ્યાર્થીઓની ફી ફોર્મ જમા કરાવવા આવે ત્યારે રૂ. ૨૫/– ફી જમા કરાવવાની રહેશે.

(૨) ફોર્મ ક્રમ અનુસાર ફાઈલમાં રાખી પરીક્ષા (WHOLE EXAM) ખંડ પરીક્ષા (PART EXAM) એ.ટી.કે.ટી (ATKT EXAM) એમ ત્રણ કેટેગરીમા વિષયવાર ગોઠવીને લાવવાના રહેશે તેજ પ્રમાણે CD અને હાર્ડકોપી ફોર્મ સાથે મોકલાવવાની રહેશે જેમા આચાર્યશ્રીના સહિસિકકા સાથે જમા કરવાના રહેશે.

(૩) ડીજીટલ યુનિવર્સિટી પ્રોજેકટમાં PRN ધરાવતા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોમ આપની કોલેજ/ડીપાર્ટમેન્ટને આપવામા આવેલ વેબ લોગીન માંથી ડાઉનલોડ કરવાના રહેશે. તથા આપને આપવામાં આવેલ સમય મર્યાદામાં લોગીન દવારા જ ઇનવર્ડ કરવાના રહેશે આ અંગેના હાર્ડ કોપી તથા સોફટ કોપી લોગીન માંથી કાઢી પરીક્ષા વિભાગને મોકલી આપવાની રહેશે.

(૪) CD કોમ્પ્યુટર વિભાગમા જમા કરાવવાની રહેશે ત્યારબાદ જ ફોર્મ સ્વીકારવામા આવશે.

(૫) જે વિદ્યાર્થીઓએ રી ચેકીગ/રી એસએસમેન્ટ માટે અરજી કરી હોય અને તેઓનું પરીણામ જાહેર ન થયું હોય તો તેવા કિસ્સામા ફોર્મ ભરવા માટે નિયત કરેલ તારીખમાં ફોર્મ ભરવાના રહેશે. રીએસએસમેન્ટના પરીણામ પછી છેલ્લી તારીખ ચાલી ગઈ હશે તો ફોર્મ સ્વીકારાશે નહી, જેની ખાસ નોંધ લેશો.

(૬) જે વિદ્યાર્થી ગેરરીતી આચરતાં પકડાયા હોય તેવા વિદ્યાર્થીઓએ પરીક્ષા શુદ્ધી સમિતિના નિર્ણય મુજબ જ પરીક્ષાના આવેદનપત્ર ભરાવવું તેમજ તેવા કિસ્સામાં સજા / પ્રવેશબંધીના જાહેરનામાની ઝેરોક્ષ નકલ આવેદનપત્રમા સાથે અવશ્ય બીડવાની રહેશે. જે વિદ્યાર્થી ગેરરીતી આચરતા પકડાયા હોય અને તેવા વિદ્યાર્થીનાકિસ્સામા અંતિમ નિર્ણય ન લેવાયો હોય ત્યાં સુધી કોઈપણ પરીક્ષાના આવેદનપત્રો સ્વીકારવા નહી.

(૭) પરીક્ષાના આવેદનપત્ર ન ભરનાર વિદ્યાર્થીને પરીક્ષામાં બેસવા દેવા નહિ, તેમ છતાં બારોબાર પરીક્ષામાં બેસવા દેવામા આવશે તો તેવા વિદ્યાર્થીઓના પરીણામ રદ કરવામા આવશે અને તે અંગેની તમામ જવાબદારી જે તે પરીક્ષા કેન્દ્ર સંચાલક / આચાર્યશ્રીની રહેશે.

(૮) વિદ્યાર્થીઓ તરફથી આવેદનપત્રોમાં જણાવેલ નામ વૈકલ્પિક તેમજ મુકિતનાવિષયોનીવિગત ખરી જણાવી છે કે નહિ તેની ચકાસણી કોલેજ કાર્યાલય તરફથી કરવામાં આવતી નથી જેને કારણે ઘણા વિદ્યાર્થીઓના નામમાં તથા વિષયોમા ભૂલો રહી જવા પામે છે તેમજ પરીણામમાં પણ પાછળથી ફેરફાર કરવા પડે છે અથવા અટકાવા પડે છે આવુ ન બને માટે આવેદનપત્રોની કોલેજ કક્ષાએ સંપૂર્ણ ચકાસણી આચાર્યશ્રીની દેખરેખ હેઠળ થાય તેવો આગ્રહ રાખવામાં આવે છે. આમ છતાં પરીક્ષા પહેલા ભુલ માલુમ પડે તો તેની યાદી તાત્કાલીક પરીક્ષા શરૂ થયાના ૨૦ દિવસ પહેલા પરીક્ષા નિયામકશ્રીને નામ મોકલી આપવી.**પરીણામ જાહેર થયા બાદ માર્કશીટમાં સુધારા માટે માર્કશીટ દીઠ રૂ.૧૦૦/– લેવામાં આવશે.**

(૯) આગામી **સપ્ટેમ્બર– ૨૦૨૧**માં લેવાનારી જુદી જુદી લેખિત પરીક્ષાઓના કેન્દ્રો અંગે વિદ્યાર્થીઓએ પોતાને ફાળવેલ કેન્દ્ર માથી જ પરીક્ષા આપવાની રહેશે અન્ય કેન્દ્ર પર પરીક્ષા આપવાની જોગવાઈ નથી. આ બાબતેવિદ્યાથીઓનું ધ્યાન દોરવા વિનંતી છે. પ્રાયોગીક પરીક્ષાના સ્થળ અંગેની જાણ પાછળથી અલગ પરિપત્ર દ્વારા કરવામા આવશે.

(૧૦) વિદ્યાર્થી પરીક્ષા આપવા આવે ત્યારે આપેલ હોલ ટીકીટ/ઓળખપત્ર અને પરીક્ષા ફી રસીદ વિદ્યાર્થીએ સાથે રાખવાની રહેશે. આ નિયમ તરફ વિદ્યાર્થીઓનું ખાસ ધ્યાન દોરવા વિનંતી છે.

જ્ઞ

| ક્રમ | પરીક્ષાનું નામ | પરીક્ષા ફી | પરીક્ષા ફોર્મ લેઈટ ફી વગર સ્વીકારવા ની તારીખ | પરીક્ષા ફોર્મ લેઈટ ફી રૂ.૧૦૦ સ્વીકારવા ની તારીખ | પરીક્ષા ફોર્મ લેઈટ ફી રૂ.૫૦૦ સ્વીકારવા ની તારીખ | પરીક્ષા ફોર્મ લેઈટ ફી રૂ.૧૦૦૦ સ્વીકારવા ની તારીખ |
|---|---|---|---|---|---|---|
| 1 | B.B.A. Sem.5,( Regular & Repeater)<br>B.C.A. Sem.5 ( Regular & Repeater)<br>B.A.Sem,5.(Regular& Repeater & Ext.)<br>B.Com. .5( Regular & Repeater & Ext)<br>B.Com..5( HON) ( Regular &Repeater)<br>B.Sc.Sem.5( Regular& Repeater)<br>M.Sc.(CA&IT)Sem-,5 (Regular & Repeater)<br>M.B.A(Int)Sem.,5 ( Regular & Repeater)<br>B.Voc. Sem.5 (SD,BT) ( Regular & Repeater)<br>B.Ed. Sem. 3(Rep. Reg.) | 65/- (પેપર દિઠ)<br>નાપાસ/પાર્ટ/એ.ટી.કે.ટી 100/- (પેપર દિઠ)<br>150/-(પ્રેકટીકલ ફી)<br>150/- (વાઈવા ફી) | 10/11/2021 TO 23/11/2021 | 24/11/2021 | 25/11/2021 | 26/11/2021 |
| 2. | M.SC (IT) SEM 3 REG,REP<br>M.S.W SEM.3 REG,REP<br>M.B.A SEM.3 REG, REP<br>M.P.A SEM.3 REG,REP<br>M.ED SEM 3 REG,REP<br>M.A SEM 3.REG,EXT,REP<br>M.COM. SEM.3 REG,EXT REP<br>M.SC SEM,3 REG,REP<br>M.L.W SEM ,3 REG.REP<br>M.B.A (INT) SEM 9 REG,REP<br>M.SC (CA&IT) SEM .9 REG,REP | 150/- (પેપર દિઠ)<br>નાપાસ/પાર્ટ/એ.ટી.કે.ટી 200/- (પેપર દિઠ)<br>250/- (પ્રકટીકલ ફી)<br>150/- (વાઈવાફી) | 10/11/2021 TO 23/11/2021 | 24/11/2021 | 25/11/2021 | 26/11/2021 |
| 3. | B.B.A. Sem.3,( Regular & Repeater)<br>B.C.A. Sem.3 ( Regular & Repeater)<br>B.A.Sem,3.(Regular& Repeater & Ext.)<br>B.Com. .3 ( Regular & Repeater & Ext)<br>B.Com..3( HON) ( Regular &Repeater)<br>B.Sc.Sem.3( Regular& Repeater)<br>M.Sc.(CA&IT)Sem-,3 (Regular & Repeater)<br>M.B.A(Int)Sem.,3 ( Regular & Repeater)<br>B.Voc. Sem.3 (SD,BT) ( Regular & Repeater) | 65/- (પેપર દિઠ)<br>નાપાસ/પાર્ટ/એ.ટી.કે.ટી 100/- (પેપર દિઠ)<br>150/-(પ્રેકટીકલ ફી)<br>150/- (વાઈવા ફી) | - | - | - | 10/11/2021 TO 23/11/2021 |

) પરીણામ જાહેર થયા બાદ દિવસ–૧૫માં ગુણ ચકાસણી/પુનઃમુલ્યાંકનની અરજી સ્વીકારવામાં આવશે.(વેબ સાઈટ વાળી માર્કશીટથી પણ સ્વીકારવામાં આવશે).

(૧૨) કોઈપણ કારણોસર પરીક્ષા ફોર્મ ઓનલાઈન જનરેટ ન થયેલ હોય તેવા કેસમાં ઉપરોકત તારીખો દરમ્યાન પરીક્ષા ફી અચૂક જમા કરાવવી. ફોર્મ ઓનલાઈન જનરેટ થયેલ ન હોય તો કોમ્પ્યુટર વિભાગનો કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવો.

(૧૩) પરીક્ષા શરૂ થવાના ત્રણ દિવસ પહેલા ઈન્ટર્નલ માર્કસ અપલોડ કરવાનું શરૂ કરી શકાશે જે કામગીરી દિવસ–૧૦માં પુર્ણ કરવાની રહેશે. તમામ પ્રેકટીકલ પરીક્ષા થીયરી પરીક્ષા પહેલા પૂર્ણ કરવાની રહેશે.અને પ્રેકટીકલ માર્કસ જેતે દિવસે યુનિવર્સિટીમાં જમા કરાવવાના રહેશે.

(૧૪) એક્ષ્ટર્નલ વિધાર્થીઓને લેઈટ ફી અને સુપર લેટ ફી એક્ષ્ટર્નલ વિભાગમાં ભરવાની રહેશે.

(૧૫) વિધાર્થીએ રી–ચેકીગ,રી–એસેસમેન્ટ માટે કોલેજ તથા વિધાર્થી પોતાના લોગીન આઈ ડી માંથી કરવાના રહેશે.

(૧૬) લેઈટ ફી રૂા.૧૦૦૦/–ના ફોર્મ કોલેજ મારફતે આચાર્યના સહી/સિકકા સાથેરૂ.૧૦૦૦ લેઈટ ફીની તારીખ પુરી થયા બાદ કોઈ પણ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.

(૧૭) ઈન્ટર્નલમાં કોઈ પણ વિધાર્થી નાપાસ હોય તો પણ તેનું પરીક્ષાફોર્મ ઈન્વર્ડ કરવાનુ રહેશે.જેની ફી ભરવાની રહેશે.

(૧૮) પરીપત્રમાં આપવામાં આવેલ તારીખો મુજબ કોલેજો/ડીપાર્ટમેન્ટ પરીક્ષા ફી અને ઈનવર્ડ રીપોર્ટ પરીક્ષા વિભાગમાં અચુક જમા કરાવવાનાં રહેશે.તારીખ પુરી થયા બાદ સ્વીકારવામાં આવશે નહિ.

(૧૯) ટપાલ મારફતે કોઈ ફી સ્વીકારવામાં આવશે નહિ જવાબદાર કર્મચારી સાથે જ રૂબરૂ મોકલવાના રહેશે.

(૨૦) જો કોઈ વિધાર્થીઓના વિષયમા ફેરફાર જણાય તો અચુકપણે ફોર્મ ઈન્વર્ડ કરતાં પહેલા કોલેજ/વિધાર્થી ધ્વારા જરૂરી ચકાસણી કરી લેવાની રહેશે. અન્યથા જવાબદારી જે તે કોલેજ/ડીપાર્ટમેન્ટની રહેશે.

(૨૧) પરીક્ષા ફોર્મ તા.૨૭/૧૧/૨૦૨૧ના પરીક્ષા વિભાગ રૂમ.નંબર ૧૦૮માં જમા કરાવવાના રહેશે.

(૨૨) થીયરી પરીક્ષા પહેલા વાયવા/પ્રેકટીકલ પરીક્ષા પુર્ણ કરવાની રહેશે.અને માર્કસ રૂબરૂ પરીક્ષા વિભાગમાં પરીક્ષા પુરી કરેલ હોય તે દિવસે અચુક જમા કરાવવાના રહેશે.

પરીક્ષા નિયામક
કચ્છ યુનિવર્સિટી,ભુજ.

ક્રમાંકઃ કયુ./આવેદનપત્ર/પરીક્ષા/1987

નકલ રવાનાઃ–

૧. કુલપતિશ્રીની જાણ સારૂ
૨. રજીસ્ટ્રારશ્રીની જાણ સારૂ
૩.આચાર્યશ્રી, સબંધિત કોલેજો તરફ તથા નોટીસ બોર્ડ પર મુકવુ.
૪. સિસ્ટમ વિભાગ તરફ તારીખ પુર્ણ થયા બાદ પોર્ટલ લોક કરવાનુ રહેશે
અને ગેરરીતિના કિસ્સામાં જે વિધાર્થીને સજા થઈ છે તેનુ ફોર્મ લોક કરવાનુ રહેશે.
૫.વિધાર્થી શાખા તરફ એક્ષટર્નલના ફોર્મ તથા ફી સ્વીકારવા અંગે.